## સંક્ષિપ્ત સમાચાર...

### ધાનેરા પોલીસે પિતાથી વિખૂટી પડેલી બાળકી ને પિતા સાથે મિલન કરાવ્યું

થરાદ તાલુકાના મોણવેલ ગામે રહેતા અજમલજી ઠાકોર જે પોતે કામ અર્થે ધાનેરા આવ્યા હતા અને સાથે તેમની નાની બાળકીને પણ લઈ આવ્યા હતા પરંતુ સંજોગો વસાત આ બાળકી તેના પિતાથી વિખુટી પડી ગઈ હતી અને બાળકી રડી રહી હતી. એક તરફ બાળકી પિતા માટે રડી રહી હતી તો બીજી તરફ પિતા બાળકીને શોધવા માટે આમતેમ દોડી રહ્યા હતા અને ધાનેરાના



જાહેર માર્ગ પર આ બાળકી રડી રહી હતી તે સમયે તે જગ્યાથી ધાનેરાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આબાદખાન ઘાસુરા પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા બાળકીને રડતી જોઈ આબાદખાન અને ટ્રાફિક પોલીસ મનહરસિંહ દેવડા આ બંને બાળકી પાસે ગયા અને બાળકીને લઈને પોલીસ મથકે આવ્યા હતા અને તેના પિતાની શોધખોળ હાથ ધરતાં તેના પિતાને પોલીસ મથકે લાવી પોતાની બાળકી સોંપી હતી ત્યારે બાળકીને પિતા મળી જતા તેમ જ પિતાને બાળકી મળી જતાં બન્નેના આંખમાં હરખના આંસુ આવ્યા હતા તો બીજી તરફ પોલીસની આ કામગીરીને બાળકીના પિતાએ ખૂબ જ બિરદાવી હતી અને બાળકીના પિતાએ પોલીસ પરિવારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

### ધાનેરામાં યુથ કોંગ્રેસ દ્વારા ધરણા કાર્યક્રમ યોજતા પોલીસ અટકાયત કરી

ધાનેરાના લાલચોક ખાતે આજે યુથ કોંગ્રેસ દ્વારા સરકારની વિરુદ્ધ ધરણાં કાર્યક્રમ યોજ્યો હતો જેમાં ખેડૂતો તેમજ યુવાનોને રોજગારી વધતા જતા પેટ્રોલના ભાવો ને સાથે સાથે અનેક મુદ્દાઓ



સાથે આજે કોંગ્રેસ યુથ કોંગ્રેસના આગેવાનો ધરણા પર બેઠા હતા ત્યારે સમગ્ર ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્ય હતો અને કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી તમામ કોંગ્રેસના કાર્યકર્તાઓ ને પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.આ ધરણા પ્રદર્શન કાર્યક્રમમાં ધાનેરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ રાજપુત જયેશ ભાઈ સોલંકી યુથ કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ રબારી કઈ કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી આર.કે.પાંત્રોડ સાયન્સ કોલેજ ધાનેરાના વિદ્યાર્થીએ હે.ઉ. સુવર્ણ ચંદ્રક મેળવ્યો

શ્રી ધાનેરા તાલુકા યુવક પ્રગતિ મંડળ સંચાલિત શ્રી આર.કે.પાંત્રોડ સાયન્સ કોલેજ ધાનેરા માં શૈક્ષણિક કાર્ય ની સાથે સાથે ઘણી સહ અભ્યાસિક પ્રવૃતિઓ જેવી કે વર્કશોપ/સેમિનાર/ઈન્ડસ્ટ્રીયલ ટુર/પ્રકુતી ઉદ્યાન ની મુલાકાત કરાવવામાં આવે છે તે પૈકી કોલેજના વિદ્યાર્થી પટેલ વિસ્મય જગદીશભાઈ એ ભૌતિકશાસ્ત્ર વિષયમાં હે.ઉ.ગુ.યુનિ.પાટણ માં સૌથી વધુ ગુણ મેળવેલ હોઈ યુનિવર્સિટી દ્વારા આજરોજ



તા.૦૫/૦૨/૨૦૨૧ ના રોજ સુવર્ણ ચંદ્રક એનાયત થયેલ હોઈ આ વિસ્તારના વિદ્યાર્થીઓ અને વાલીઓ માં શિક્ષણ પ્રત્યે રુચી વધે તે આશયથી કોલેજના આચાર્ય તેમજ વિધાર્થી નું ઈન્ટરવ્યૂ લેવામાં માં જેમાં વિધાર્થી ના સુવર્ણ ચંદ્રક માટે પોતે શિક્ષક તેમજ પોતાના માતા પિતાને કરેલા યોગદાન મેળવ્યું જેમાં પોતે સતત મહેનત કરી કૉલેજ તેમજ પોતાના માતા પિતાનું નામ રોશન કરું કર્યું હતું.

# ગાયત્રી શક્તિપીઠ-બાયડ : ૧૧ હજાર બાળકોને સંસ્કારવાન બનાવવા પુંસંવન સંસ્કાર

## ગાયત્રી પરિવારે વ્યસન મુક્તિ, કુરિવાજ દૂર કરવા સમાજમાં અનોખું યોગદાન આપ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

દરેક માતા-પિતાની ઝંખના હોય છે કે તેમનું સંતાન સંસ્કારી અને તેજસ્વી હોય, ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં દર ગુરૂવારે તેજસ્વી સંતાનોનું અવતરણ થાય તે માટે બાળકના જન્મદાતા માતા-પિતાને સુસંસ્કારી બનાવી ગર્ભધારણ બાદ ૭૫ દિવસે પુંસંવન સંસ્કાર કરાવવામાં આવે છે. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રચારક મનહરભાઈ એસ. પટેલ(અરજણવાવ)ની નિશ્રામાં નિયમિત ચાલતી સંસ્કાર વિધિમાં અત્યાર સુધીમાં ૧૧ હજારથી વધુ બાળકોને સંસ્કારવાન બનાવવા પુંસંવન સંસ્કાર કરાવવામાં આવ્યા છે. ગાયત્રી પરિવારે ગામે ગામ વ્યસન મુક્તિ, કુરિવાજ દૂર કરવા સહિતની સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરી દરેક સમાજ માટે રાહબર બન્યા છે. દરેક સમાજ લગ્નો પાછળના લખલૂંટ ખર્ચા બંધ કરી સમૂહ લગ્નોત્સવ તરફ વળે તેવા પ્રયાસથી ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં સાદગીપૂર્વકના લગ્ન સમારંભો યોજાઈ રહ્યા છે.



પરોઢે ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં પગ મૂકતાં જ અલૌકિક વાતાવરણનો અનુભવ થાય છે. પુંસંવન, નામકરણ, અન્ન પ્રાશન, મુંડન, વિધારંભ, યજ્ઞોપવિત, લગ્નસંસ્કાર, અંતેષ્ઠી સંસ્કાર, સભ સંસ્કાર, મરણોત્તર સંસ્કાર, જન્મ દિવસ સંસ્કાર, લગ્ન દિવસ સંસ્કાર ગાયત્રી પરિવાર દ્વારા કરાવવામાં આવે છે. ગાયત્રી પરિવારના ચેતનાબેન પટેલ, અલકાબેન પટેલના જણાવ્યા અનુસાર ૧૬ પ્રકારના સંસ્કાર પ્રચલિત છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં ૧૦ સંસ્કારો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ગર્ભધાન, પુંસંવન અને સીમંત આ ૩ મુખ્ય ક્રિયાઓને ગર્ભવતી માટે નક્કી કરેલા એક જ સંસ્કાર સાથે જોડી દેવામાં આવ્યા છે. ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં દર ગુરૂવારે પુંસંવન સંસ્કાર યજ્ઞશાળામાં કરાવવામાં આવે છે જેમાં ગર્ભસ્થ શિશુના યોગ્ય વિકાસ માટે ગર્ભવતી મહિલાને આ સંસ્કાર કરવામાં આવે છે. બાળકને સંસ્કારવાન બનાવવા માટે સૌ પ્રથમ જન્મદાતા એમના માતા-પિતાને સુસંસ્કારી બનવું જોઈએ. ગર્ભધારણ બાદ ૭૫ દિવસે ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં સંસ્કાર કરાવવામાં આવે છે. બાયડ ઉપરાંત અન્ય તાલુકાના ૧૧ હજારથી વધુ બાળકોને સંસ્કારવાન બનાવવા પુંસંવન સંસ્કાર વિધિ કરવામાં આવી છે. સંસ્કાર શબ્દનો પ્રયોગ કેટલાય અર્થોમાં કરવામાં આવે છે. પ્રતિયત્ન, અનુભવ, માનસકર્મ, સર્વ પ્રથમ ઋગ્વેદમાં આ શબ્દનો પ્રયોગ થયો હતો. સંસ્કારના બે પ્રકાર હોય છે. જેમાં બ્રાહ્મ સંસ્કાર અને દેવ સંસ્કાર, ગર્ભધારણ સંસ્કાર જે સ્મૃતિ ગ્રંથો દ્વારા વિહિત છે તેને બાહ્મ સંસ્કાર કહેવાય છે અને પાક યજ્ઞ, હવિ યજ્ઞ, સોમ યજ્ઞ વગેરે દેવ સંસ્કાર તરીકે ઓળખાય છે. પુંસંવનન સંસ્કાર વખતે બોલવામાં આવતા મંત્રોમાં ગર્ભવતીની રહેણી કરણી તથા આહાર વિહાર સબંધી મહત્વપૂર્ણ શિક્ષણ રહેલું છે.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જંગ

### જિલ્લામાં નગરપાલિકા, તાલુકા પંચાયતની મતદાર યાદી ખરીદવા માટે ભીડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઈ છે, આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થયા પછી સંભવિત મૂરતિયાઓએ પોતાના વિસ્તારમાં કયા મતદારો છે તેની જાણકારી મેળવવા માટે મતદાર યાદી ખરીદવા રીતસરની દોટ લગાવી છે જેથી ચૂંટણી શાખા દ્વારા ક્યાંથી મતદાર યાદી મળશે તેની જાણકારી આપ્યા પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની મતદાર યાદી ખરીદવાના સ્થળે ભીડ દેખાય છે. આવા સ્થળે અનેકવાર કોવિડ-૧૯ના નિયમોનું પાલન થતું નથી. અનેક ઝેરોક્ષ મશીન હાંફી ગયા છે જ્યારે ચૂંટણી લડતા ઉમેદવારે કોઈ ગુનામાં સજા કે દંડ થયો નથી અને સંડોવાયેલા નથી તેવો દાખલો લેવો ફરજીયાત છે જેથી જિલ્લાના તમામ ૨૨ પોલીસ સ્ટેશનોમાં ભીડ એકાએક વધી છે.

**ચૂંટણી આવી, કમાણી લાવી : અનેક ઝેરોક્ષ મશીન હાંફી ગયા, પોલીસ સ્ટેશનમાં પણ દાખલા લેવા ભીડ**

તહેવારો કરતાં જિલ્લાની પ્રજામાં ચૂંટણીનો ઉત્સવ વધુ જોવા મળ્યો છે. જ્યારથી ચૂંટણી જાહેર થઈ ત્યારથી ઉમેદવાર બનવા માટે થનગનતા રાજકીય પક્ષોના કાર્યકરોએ તમામ જોર લગાવીને ટીકીટ કન્ફર્મ કરવાના પ્રયાસ કર્યા છે. તમામ પ્રયાસો પછી ભાજપ, કોંગ્રેસ હાઈકમાન્ડ આવનારા ૨ દિવસમાં ગમે તે ઘડીએ ઉમેદવારોની યાદી જાહેર કરી શકે છે. પોતાને ટીકીટ મળશે તેવી સંભાવનાથી પ્રેરાઈ અનેક ઉમેદવારોએ પોતાના વિસ્તારની મતદાર યાદી ખરીદવા માટે ભીડ લગાવી છે. રૂા.૧૨૫ થી ૨૫૦ તેમજ વધુ પાના હોય તો તે પ્રમાણે કિંમત ચૂકવીને ભાવિ ઉમેદવારો મતદાર યાદી ખરીદી રહ્યા છે. ટૂંકમાં કોરોનાથી બધા પાયમાલ થઈ ગયા છે તેવી હૈયાવરાળ ઠાલવતા હતા પરંતુ ચૂંટણી આવી અને કમાણી લાવી જેવા દ્રશ્યો તમામ તાલુકા મથકે જોવા મળ્યા છે. કોરોના કાળમાં પૈસા નથી તેવું બોલનારા અનેક મૂરતિયાઓએ ટીકીટ મળશે અને ટેકેદારો જોડે રહે તેવી સંભાવના વચ્ચે ચા, નાસ્તા માટે વિશાળ દિલના ઉદાહરણો પુરા પાડ્યા છે.

# પ્રથમ પ્રવેશ : અરવલ્લી જિલ્લા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં બાળકીને પ્રવેશ

## કુમ કુમ તિલક કરી સ્વાગત કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

અરવલ્લી જિલ્લામાં શરૂ



થયેલ સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં ૬ થી ૧૮ વર્ષની દિકરીઓ-યુવતીઓને કાળજી અને રક્ષણની જરૂરીયાત હોય તેમને પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના ચેરમેન હીરાભાઈ પટેલ, સભ્ય એડવોકેટ ભાવેશભાઈ શાહ, કમળાબેન પરમાર અને મનહરભાઈ દેસાઈ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.દિલીપસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળી બાળકીનો સંસ્થામાં પ્રવેશ આપવામાં આવ્યો. ચિલ્ડ્રન હોમ શરૂ થયા બાદ પ્રથમ પ્રવેશ હોવાથી ચિલ્ડ્રન હોમના અધિક્ષક અને સ્ટાફ દ્વારા બાળકીને કુમ કુમ તિલક કરી, મોં મીઠું કરાવી, વાજતે ગાજતે પ્રવેશ અપાયો ત્યારે ઉપસ્થિત સૌ ગદગદીત બન્યા હતા. કમીટી સભ્ય ભાવેશ શાહે જણાવ્યું હતું કે બાળકીને ઘર જેવું વાતાવરણ પુરૂ પાડી તેનો યોગ્ય ઉછેર કરવામાં આવશે.

# ધનસુરા સહકારી જીનમાં દૂધ મંડળીઓના મંત્રીઓના અભ્યાસ વર્ગનું સમાપન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ધનસુરા સહકારી જીનમાં જિલ્લા સહકારી સંઘ દ્વારા ધનસુરા તાલુકાની દૂધ મંડળીઓના તમામ મંત્રીઓનો ૬ દિવસીય તાલીમ અને શિક્ષણ વર્ગનું સમાપન જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. તેઓએ સહકારી સંસ્થાઓ થકી ગામડાઓ સમૃદ્ધ છે અને વર્તમાન પ્રવાહની સાથે કેવી રીતે ચાલવું તેનું માર્ગદર્શન અભ્યાસ વર્ગ મારફતે આપવામાં આવ્યું જેનો લાભ દૂધ મંડળીઓને આવનારા સમયમાં થશે તેમ જણાવી સંઘ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપી તાલીમી મંત્રીઓને શુભકામના પાઠવી હતી.

ધનસુરામાં યોજાયેલા તાલીમ અને શિક્ષણ વર્ગમાં ટ્રેની અને નિવૃત્ત ઓડીટર જે. કે. દરજી, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કનુભાઈ પટેલ(શીકા), રહીયોલ




મંડળીના મંત્રી જેસીંગભાઈ પટેલ, ધનસુરા મંડળીના મંત્રી રમેશભાઈ પટેલ તથા માધુભાઈ પટેલે તાલીમ અંગે પોતાના પ્રતિભાવ આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એકઝીક્યુટીવ ઓફીસર હરીપ્રસાદ જોષીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે સમાપન આભારવિધિ ધનસુરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના મેનેજર અમૃતભાઈ કે. પટેલે કરી હતી.

# પ્રાંતિજના કમાલપુર ખાતે પ્રયાસ ગુપ દ્વારા સહારણારૂપ કામગીરી કરાઈ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે કાર્યરત પ્રયાસ ગુપ દ્વારા આજે શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ઘાટ ઉપર સફાઈ કરવામાં આવી હતી તો આ પ્રયાસ ગૃપની કામગીરીને બિરદાવવામા આવી પ્રાંતિજના કમાલપુર ખાતે



રહેતા કેટલાક યુવાનો દ્વારા સમાજ સેવા ના હેતુ થી એક પ્રયાસ ગુપની સ્થાપના કરવામાં આવી છે અને આ પ્રયાસ ગુપ દ્વારા સ્વચ્છતા સહિત જરૂરીયાત લોકોની સેવા સહિત સમાજ સેવા માં કાર્યરત છે ત્યારે આ પ્રયાસ ગુપ દ્વારા અગાઉ કમાલપુર ગામમાં જતાં આવતા રસ્તાઓની સફાઈ કરી હતી અને આજે પ્રયાસ ગુપ દ્વારા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ઘાટ ની સફાઈ કરાતા અહીં આવતા જતા દર્શનનાર્થીઓ સહિત મંદિર પરિષદ દ્વારા આ પ્રયાસ ગુપની કામગીરીની સહારણા કરી હતી પ્રયાસ ગૃપ દ્વારા કરવામાં આવતી કામગીરી ખરેખ પ્રસસા રૂપ કામગીરી છે તેમ કહીએ તો નવાઈ નહી.

# પ્રાંતિજના બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ






પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ નો દ્વિતીય વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં બાલીસણા ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાંતિજના બાલીસણા ખાતે આવેલ પ્રકાશ હાઈસ્કુલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષનો દ્વિતીય વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં બાલીસણા ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૨૦૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૮૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૬૩ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું તો કેમ્પને સફળ બનાવવા માટે પ્રકાશ હાઈસ્કુલ આચાર્ય તથા સ્ટાફ દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો તો શાહિલ રાઠોડ અને સલીમભાઈ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી.

# પ્રાંતિજના પીલુદા-હજુરપુરા ગામ પાસે ટ્રેક્ટરની ટક્કરથી બાઈક સવારે શરીરે ગંભીર ઈજાઓ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના પીલુદા-હજુરપુરા ગામ પાસે ટ્રેકટર ચાલક ફુલ ફાસ્ટ રીતે હંકારી લાવીને બાઈક સવાર ને સામેથી ટકકર મારી શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી ને ટ્રેકટર ચાલક ટ્રેકટર મુકીને ભાગી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ટ્રકટર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મોયદ ખાતે રહેતા પ્રવિણસિંહ કલ્યાણ રાઠોડની ફરિયાદના આધારે તા.૪|૨|૨૦૨૧ના રોજ સાંજના સાતેક વાગ્યાની આસપાસ મારા કાકાનો દીકરો પ્રદિપસિંહ કાળુસિંહ રાઠોડ કે જે સુન્ધા એલ્યુમિનિયમ ની દુકાન મા પ્રાંતિજ ખાતે નોકરી કરે છે અને તે નોકરી થી પોતાનું બાઈક GJ09-8787 લઈને ઘરે પરત આવી રહ્યો તે દરમ્યાન પ્રાંતિજ ના પીલુદા-હજુરપુરા પાસે ટ્રેક્ટર ચાલક પોતાનુ ટ્રેક્ટર GJ09 BE 7881 નો ચાલક બેદરકારી અને ગફલતભરી રીતે ફુલ ફાસ્ટ રીતે હંકારી લાવી એકદમ ગામ તરફ ટ્રકટર વાળી બાઈક ઉપર આવતાં પ્રદિપસિંહ કાળુસિંહ રાઠોડ ને બાઈક સાથે ટકકર મારી નીચે પટકી માથા ના તથા મોઢાના ભાગે તથા પગે ગંભીર રીતે ઈજાઓ તથા શરીરે ઓછા વતા પ્રમાણ માં ઈજાઓ પહોચાડીને ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર મુકીને નાસી ગયો હતો તો ઈજાગ્રસ્ત પ્રદિપસિંહ કાળુસિંહ રાઠોડ ને ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને હિંમતનગર બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતાં તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં કાકાના દિકરા પ્રવિણસિંહ કલ્યાણસિંહ રાઠોડ દ્વારા પોલીસ ફરિયાદ નોધાવતા પ્રાંતિજ પોલીસે ટ્રકટર ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનોનોધી આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ પોલીસે સુખડ ગામેથી ૬ લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના સુખડ ગામેથી પ્રાંતિજ પોલીસે છ લિટર દારૂ સાથે એક ઈસમ ને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સુખડ ગામ બાજુ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન સુખડ ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતીકે સુખડ ખાતે મકાનની ઓસરીમાં એક ઈસમ દ્વારા દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા સુખડ ગામમાં જઈને તપાસ કરતાં સુખડ ગામમાં રહેતા ગાભાજી કાનાજી ડાભી રહે.સુખડ દ્વારા પોતાની ઘર ની બહાર ઓસરીમાં નીચે બેસીને દેશી દારૂ નું વેચાણ કરતા હોય તેમણી પાસે થી પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ છ લિટર જેની કિંમત રૂપિયા-૧૨૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# સત્યમ કોમ્પ્લેક્ષ નજીક બીલ્ડર અને જમીન દલાલો વચ્ચે દંગલ

## એસપી કચેરીએ ટોળેટોળા ઉમટ્યા : સામ-સામે ફરિયાદ દાખલ

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત આજુબાજુના વિસ્તારોમાં આવેલી જમીનોના ભાવ ઉંચકતાની સાથે સાથે જમીનો પર ગેરકાયદેસર કબ્જો કરવાની કે પછી જમીનનો સોદો કર્યા પછી બારોબાર અન્ય લોકોને વેચાણ કરી દેવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહી છે ત્યારે મોડાસા બ્લોક ફેકટરી નજીક એક સત્યમ કોમ્પ્લેક્ષ નજીક બીલ્ડર અને જમીન દલાલ તેમના મળતીયાઓ વચ્ચે મારામારી થતા ભારે દંગલ મચ્યું હતું સમગ્ર મામલો એસપી કચેરીએ પહોંચ્યો હતો એસપી કચેરીએ લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા વોલ્વા ગામ નજીક મારામારીની ઘટનાના પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો જેમાં જમીન દલાલ અને બિલ્ડરે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાઈ હતી જમીન દલાલ યુવકે બિલ્ડર સામે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાવતા



એટ્રોસિટીના ગુન્હાની તપાસ એસસી-એસટી સેલના ડીવાયએસપી વિશાલ રબારીએ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શનિવારે સાંજના સુમારે મોડાસા નજીક આવેલ વોલ્વા ગામની સીમમાં સત્યમ કોમ્પ્લેક્ષ નજીક ફોર્ડ ફિગો કારમાં આવેલા ચાર શખ્સો અને જમીન દલાલ યુવક અને તેની સાથે રહેલા લોકો વચ્ચે મારામારી થતા ભારે દેકારો મચી ગયો હતો

બ્લોક ફેક્ટરી નજીક એક બાંધકામ સાઈટ પર રહેણાંક પ્લોટ,જમીન લેવેચ કરતા બિપીનભાઈ સવજીભાઈ મનાત દોઢ વર્ષ અગાઉ ડીસાના મહેશ શંકર ભાઈ રબારીની રહેણાંક મકાનની સ્કીમ પર લે વેચની કામગીરી કરતા હતા મહેશ શંકરભાઈ રબારીએ દલાલીના હિસાબના પૈસા ન આપતા નોકરી છોડી દીધી હતી અને બ્લોક ફેક્ટરી નજીક રહેણાંક સ્કીમ અને દુકાનોની લે વેચ ચાલુ કરી હતી ત્યારે તેમની સાથે રહેતા સવજીભાઈ તરારને ફોન કરી મહેશ શંકરભાઈ રબારી,પ્રફુલ રબારી,રાહુલ રબારી અને શૈલેષ ચાવડા નામના શકશો ફોર્ડ ફિગો કારમાં પહોંચી બિપીન મનાત અને તેની સાથે રહેલા લોકો પર લાકડીઓ વડે તૂટી પડયા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ પ્રત્યે અપમાનિત કરતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા જેમાં પ્રફુલ રબારી નામનો શખ્સ ઝડપાઈ ગયો હતો મહેશ રબારી અને તેમની સાથે રહેલા બે શખ્શ કાર લઈ રફુચક્કર થઈ ગયા હતા જે અંગે બિપીનભાઈ સવજીભાઈ મનાતે ૧)મહેશ શંકરભાઈ રબારી,૨)પ્રફુલ રબારી,૩)રાહુલ રબારી અને ૪) શૈલેષ ચાવડા સામે જાનથી મારી નાખવાની ધમકી અને એટ્રોસીટી એક્ટ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારે શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મહેશભાઈ શંકરભાઈ રબારીની રહેણાંક મકાનની સ્કીમમાં બિપીન સવજીભાઈ મનાત અને રાજુભાઈ નરસિંહભાઈ તરાર મકાન લે વેચનું કામકાજ કરતા હતા થોડા સમય અગાઉ છુટા થઈ ગયા હતા તેમની સાથે પૈસાની લેવડ-દેવડ બાકી હોવાથી બિપીન મનાતે ફોન કરી સત્યમ રેસીડેન્સી આગળ બોલાવતા તેઓ કારમાં પ્રફુલ રબારી,રાહુલ રબારી અને શૈલેષ ચાવડા સાથે પહોંચ્યા હતા ત્યાં બિપીન મનાત અને રાજુભાઈએ ઝગડો કરી મારમારી કરતા તેમની મદદમાં જગાભાઈ પટેલ દોડી આવી અન્ય ૧૦ જેટલા લોકોનું ટોળું પણ દોડી આવ્યું હતું તૂટેલ ટાઈલ્સ અને લાકડીઓ લઈ તૂટી પડતા જીવ બચાવી કાર લઈ નીકળી ગયા હતા મારામારીનો ભોગ બનેલ મહેશભાઈ શંકરભાઈ રબારીએ ૧)બિપીન સવજીભાઈ મનાત,૨)રાજુભાઈ નરસીંહ ભાઈ તરાર, તેમજ ૩)જગા ભાઈ પટેલ અને ૧૦ જેટલા લોકોના તોલા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.